દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ-ઈંદોર રેલ પ્રોજેક્ટમાં ટીહિ ટનલમાં ૮૦૦ મીટર ટ્રેક તૈયાર



દાહોદ,

ઈંદોર-દાહોદ રેલવે પ્રોજેક્ટ હેઠળ લાંબા સમયથી રાહ જોવાતી ટીહી ટનલનું કામ હવે અંતિમ તબક્કામાં પહોંચી ગયું છે. જેમાં લગભગ ૩ કિમી લાંબી આ ટનલમાં કામ ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે.રેલવે અધિકારીઓના જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં ટનલના અંદાજે ૮૦૦ મીટર વિસ્તારમાં ટ્રેક પાથરવાનું કામ પૂર્ણ થયું છે, જ્યારે બાકીના કામ પણ યુદ્ધસ્તરે ચાલી રહ્યું છે.

પશ્ચિમ રેલ્વેના રતલામ મંડળના જન સંપર્ક અધિકારી મુકેશકુમારે ગઈ કાલે પોતાની એક અખબારી યાદીમાં જણાવ્યું કે, તાજેતરમાં કેન્દ્રીય રાજ્ય મંત્રી સાવિત્રી ઠાકુર અને ધારના ધારાસભ્ય નીના વર્માએ તાજેતરમાં નિર્માણાધીન ટનલમાં લગભગ ૭૦ ફૂટ નીચે ઉતરીને કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આ પરીયોજનામાં કામની ગુણવત્તા અને જુલાઈ થી નવી લાઈન શરૂ થવાની સંભાવના ટીહિ ટનલમાં ટ્રેકની સાથે સમાંતર રીતે ઈલેક્ટ્રીફિશિયન તેમજ સિગ્નલનું કામ પૂરજોશમાં ગતિ અંગે અધિકારીઓને જરૂરી સૂચનો આપ્યા હતા. જેમાં રાજ્ય મંત્રીએ સ્પષ્ટ જણાવ્યું કે આ પ્રોજેક્ટ વિસ્તારની વર્ષોથી ચાલી આવતી માંગ છે અને તેને સમય મર્યાદામાં પૂર્ણ કરવું અતિઆવશ્યક છે. જોકે અધિકારીઓ મુજબ જૂન-જુલાઈ સુધીમાં ટનલનું સંપૂર્ણ કામ પૂર્ણ થવાની શકયતા છે, ત્યારબાદ ઈંદોરથી ધાર વચ્ચે સીધી ટ્રેન સેવા શરૂ થઈ શકે છે. પીથમપુર થી ધાર વચ્ચે ટાવર વેગન એન્જિન દ્વારા સફળ ટ્રાયલ પણ કરવામાં આવી છે. પીએમ ગતિશકિતમાં સામેલ આ પ્રોજેક્ટની મુખ્ય વિશેષતાઓ દાહોદ ઈન્દોર વચ્ચે ૨૦૪.૭૬ કિમી ઝાબૂઆ-ધાર વચ્ચે ભૂમિઅધિગ્રહણનું કાર્ય પૂર્ણ થવાની તૈયારીમાં, કામ શરૂ કરવા ટેન્ડરિંગ પ્રક્રિયા પૂર્ણ કરાઈ.. રેલવે ટ્રેકમાં (૧૮૩ કિમી મધ્યપ્રદેશ, ૨૨ કિમી ગુજરાતમાં પાથરવામાં આવ્યું છે.આ રેલ પ્રોજેક્ટમાં ઈંદોર,ટીહી, પીથમપુર, સાગોર, ગુણાવદ, ધાર, દાહોદ સહિતના સ્ટેશન બનાવવામાં આવશે સાથે જ ઈંદોરથી ટીહી (૨૧ કિમી) સુધી કામપૂર્ણ કરવામાં આવ્યું છે. એટલું જ નહીં ટીહી-ધાર વચ્ચે ૨.૯ કિમી ટનલ તૈયાર કરી દેવામાં આવી છે, સાથે ટ્રેક પાથરવાનું કામ પ્રગતિમાં છે. આ પ્રોજેક્ટમાં મહત્વપૂર્ણ જંકશન ગણાતા ધાર રેલવે સ્ટેશન વિસતિમ ચાલી રહ્યું છે.

નોંધનીય બાબત છે કે, ઈન્દોર-દાહોદ રેલ પ્રોજેક્ટની સાથે વડોદરા છોટાઉદેપુર અલીરાજપુર થઈને ધાર સુધીની નવી રેલ લાઈન નાખવામાં આવી છે. આ બંને રેલ લાઈન ધારમાં આવીને મરજી થઈ જશે. ઉલેખનીય બાબત છે કે, આ રેલ લાઈન શરૂ થતા ઈંદોર અને દાહોદ વચ્ચેનું કનેકિટવિટી મજબૂત બનશે. સાથે જ વેપાર, ઉદ્યોગ અને રોજગારીના નવા અવસર ઊભા થશે. મહત્વની વાત એ છે કે, આ લાઈન શરૂ થયા બાદ ઈંદોર થી મુંબઈ વચ્ચેનું અંતર લગભગ ૫૫ કિમી ઓછું થશે, જે સમય અને ખર્ચ બંનેમાં બચત લાવશે. સાથે જ આ પ્રોજેક્ટ માલવા-નિમાડ વિસ્તાર માટે ગેમ ચેન્જર સાબિત થવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી.

## ઝાલોદ પોલીસની ઉત્કૃષ્ટ કામગીરી: તેરા તુજકો અર્પણ કાર્યક્રમ હેઠળ સાયબર ફ્રોડના નાણાં અને ગુમ થયેલા મોબાઈલ પરત કરાયા

ઝાલોદ,

ઝાલોદ પોલીસ સ્ટેશન દ્વારા તેરા તુજકો અર્પણકાર્યક્રમ અંતર્ગત ઝાલોદ પોલીસે સાયબર ક્રાઈમના ભોગ બનેલા નાગરિકોના ફ્રીઝ થયેલા નાણાં પરત અપાવવાની સાથે-સાથે ચોરી કે ગુમ થયેલા કિંમતી મોબાઈલ ફોન પણ શોધીને મૂળ માલિકોને સફળતાપૂર્વક પરત સોંપ્યા છે.પ્રથમ બનાવમાં, સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર મળેલી ફરિયાદો અને દાહોદ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ કોર્ટના હુકમથી સાયબર ફ્રોડનો ભોગ બનેલા કુલ ૧૧ નાગરિકોના રૂ. ૫,૯૯,૯૦૨/- સીધા તેમના બેંક ખાતામાં જમા કરાવવામાં આવ્યા છે. જ્યારે બીજા બનાવમાં, TIC પોર્ટલ અને ટેકિનકલ સોર્સના માધ્યમથી ઝાલોદ વિસ્તારમાંથી ગુમ થયેલા કુલ ૯ મોબાઈલ ફોન, જેની કિંમત રૂ.૧,૪૮,૬૨૨/- થાય છે, તે શોધી કાઢીને અરજદારોને સોંપવામાં આવ્યા છે. ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર આર.જે. ગામીત તથા તેમની સાયબર ક્રાઈમ અને ટેક્નિકલ ટીમની સક્રિય મહેનતના પરિણામે આ બંને કામગીરી સફળ રહી હતી. નાગરિકોને તેમના હક્કના નાણાં અને કિંમતી સાધનો પરત મળતા તેમના ચહેરા પર ખુશી જોવા મળી હતી. આ માધ્યમથી ઝાલોદ પોલીસે પોલીસ પ્રજાની મિત્ર છે અને સુરક્ષા સાથે સેવાના ઉત્તરદાયિત્વના સૂત્રને સાર્થક કર્યું છે. આ સરાહનીય કામગીરી પો.ઈન્સ. આર. જે. ગામીત, પો.સ.ઈ. સી.કે. સિસોદીયા, પો.સ.ઈ. આર.પી. ડામોર અને આઈ.ટી. એકસપર્ટ જાબીરભાઈ ભાભોર સહિતની ટીમે પાર પાડી હતી.

## દાહોદમાં ૧૫મી ઓગષ્ટ, સ્વતંત્રતા પર્વની જીલ્લા કક્ષાની ઉજવણી સુખસર ખાતે યોજાશે

દાહોદ,

ભારત દેશના સ્વતંત્રતા પર્વ ૧૫ મી ઓગષ્ટની જીલ્લા કક્ષાની ઉજવણી આ વર્ષે દાહોદ જીલ્લાના સુખસર તાલુકામાં વરૂણાશ્રમ (મકવાણાના વરૂણા) ખાતે રાષ્ટ્રીય ગૌરવ અને ઉત્સાહભેર યોજાશે. આ ઉજવણીનું આયોજન સુવ્યવસ્થિત, શિસ્તબદ્ધ અને ગૌરવપૂર્ણ રીતે સંપન્ન થાય તે હેતુથી નિવાસી અધિક કલેક્ટર જે. એમ. રાવલના અધ્યક્ષ સ્થાને આજ રોજ જીલ્લા કલેક્ટર કચેરી ખાતે પૂર્વ તૈયારી અંગે સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં સ્વતંત્રતા પર્વની ઉજવણીને લગતી વિવિધ કામગીરીઓની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. સ્વાતંત્ર્ય પર્વના સુચારૂ આયોજન માટે નિવાસી અધિક કલેક્ટરએ વિવિધ વિભાગો પાસેથી માહિતી મેળવી હતી.

કાર્યક્રમ સ્થળની વ્યવસ્થા, સ્ટેજ, દ્વજવંદન સમારોહ, સાંસ્કૃતિક કાર્યક્રમો, મહાનુભાવોના આગમન, સુરક્ષા, વાહન વ્યવસ્થા, આરોગ્ય સેવાઓ, સ્વચ્છતા, વીજ પુરવઠો, પીવાના પાણીની સુવિધા તેમજ અન્ય જરૂરી વ્યવસ્થાઓ અંગે સંબંધિત વિભાગોને સ્પષ્ટમાર્ગદર્શન આપવામાં આવ્યું હતું.નિવાસી અધિક કલેક્ટરએ જણાવ્યું હતું કે, ઉજવણીની દરેક કામગીરી સમયબદ્ધ, સુઆયોજીત અને જવાબદારીપૂર્વક પૂર્ણ કરવામાં આવે તેમજ આયોજનમાં કોઈપણ પ્રકારની કચાશ ન રહે તેની તમામ વિભાગો ખાસ કાળજી રાખે.

આ બેઠકમાં જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક, પ્રાંતઓ, નાયબ પોલીસ અધિક્ષક ઓ સહિત વિવિધ વિભાગોના જીલ્લાના અધિકારીઓ તેમજ આયોજન સાથે સંકળાયેલા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ડુંગરી પાસે ટ્રાવેલ્સ અને રીક્ષા વચ્ચે ભયાનક અકસ્માત

**સિંગવડ તાલુકાના સુડીયા ગામના ૩૩ વર્ષીય યુવકનું ઘટનાસ્થળે કરૂણ મોત, ટ્રાવેલ્સ ચાલક સામે ગુનો નોંધાયો.**

સીંગવડ,

દાહોદ જીલ્લાના સિંગવડ તાલુકામાં ડુંગરી ગામ નજીક ખોડીયાર માતાના મંદિર પાસે બુધવારે સાંજના સમયે ટ્રાવેલ્સ બસ અને રીક્ષા વચ્ચે થયેલા ગંભીર માર્ગ અકસ્માતમાં સુડીયા ગામના ૩૩ વર્ષીય યુવકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજતાં સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. બનાવ અંગે મૃતકના પિતાની ફરિયાદના આધારે પોલીસે ટ્રાવેલ્સ બસના ચાલક વિરૂદ્ધ બેદરકારીપૂર્વક વાહન હંકારી અકસ્માત સર્જવાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ ફરિયાદ મુજબ સિંગવડ તાલુકાના સુડીયા ચારેલ ફળિયાના રહેવાસી સંજયભાઈ વરસીંગભાઈ ચારેલ (ઉ.વ. ૩૩) પોતાના ઘરેથી પોતાની રીક્ષા નંબર GJ-20-W-6826 લઈને સાંજે આશરે ૭:૩૦ વાગ્યે સાસરી ગામ હાંડી જવા માટે નીકળ્યા હતા.

થોડા સમય બાદ ગામના સરપંચ જશવંતભાઈ ચુનીલાલ બારીયાએ મૃતકના પિતા વરસીંગભાઈ કમજીભાઈ ચારેલને ફોન દ્વારા જાણ કરી કે ડુંગરી બસ સ્ટેશનથી લીમડી તરફ જતા માર્ગ પર ખોડીયાર માતાના મંદિર નજીક સંજયભાઈની રીક્ષા અને એક ટ્રાવેલ્સ બસ વચ્ચે ગંભીર અકસ્માત થયો છે.

જાણ થતાં જ પરિવારજનો અને ગામના સરપંચ સહિતના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ત્યાં પહોંચતા રીક્ષા અને ટ્રાવેલ્સ બસ રોડની બાજુમાં અકસ્માતગ્રસ્ત હાલતમાં જોવા મળી હતી, જ્યારે રસ્તા પર સફેદ કપડાથી ઢાંકવામાં આવેલ મૃતદેહની ઓળખ કરતાં તે સંજયભાઈ ચારેલ હોવાનું સામે આવ્યું હતું. અકસ્માત એટલો ભયાનક હતો કે સંજયભાઈને માથા, ચહેરા તેમજ શરીરના વિવિધ ભાગોમાં ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચી હતી અને તેમનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું.

પ્રાથમિક માહિતી અનુસાર લીમડી તરફથી આવી રહેલી ટ્રાવેલ્સ બસ નંબર MP-45-ZA-0099ના ચાલકે પૂરઝડપે અને બેદરકારીપૂર્વક વાહન હંકારી સામેથી આવી રહેલી રીક્ષાને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર બાદ રીક્ષાનો આગળનો ભાગ સંપૂર્ણ ચકનાચૂર થઈ ગયો હતો, જ્યારે ટ્રાવેલ્સ બસના આગળના ભાગને પણ નુકસાન પહોંચ્યું હતું.

મૃતકના પિતા વરસીંગભાઈ કમજીભાઈ ચારેલ દ્વારા આપવામાં આવેલી ફરિયાદના આધારે પોલીસે ટ્રાવેલ્સ બસના ચાલક સામે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી અકસ્માતના ચોક્કસ કારણો, બસની ગતિ તેમજ અન્ય સંજોગોની તપાસ શરૂ કરી છે.

સ્થાનિકોમાં આ અકસ્માતને લઈ ભારે દુઃખ અને શોકનો માહોલ છવાયો છે. સંજયભાઈ પોતાના પાછળ પત્ની અને ત્રણ નાના સંતાનોને વિલાપતા છોડી જતા પરિવાર પર આભ તૂટી પડ્યું છે. પોલીસે મૃતદેહનો કબજો લઈ જરૂરી કાયદેસરની કાર્યવાહી બાદ પોસ્ટમોર્ટમ માટે મોકલી વધુ તપાસ હાથ ધરી છે.

# ઝાલોદમાં ૯ ઓગસ્ટે વિશ્વ આદિવાસી દિવસની ભવ્ય ઉજવણી: સુપરસ્ટાર ગાયકોની રમઝટ સાથે નગરમાં નીકળશે ભવ્ય રેલી

**ભીલ રાજા ઝાલા વસૈયાની ધરતી પર અર્જુન આર. મેડા અને આર્ચી બામણીયા કરશે રંગારંગ રજૂઆત; કાર્યક્રમની સફળતા માટે ઝાલોદ પોલીસ સાથે મહત્વપૂર્ણ સંકલન બેઠક યોજાઈ.**



ઝાલોદ,

ઝાલોદ શહેરમાં ૯ ઓગસ્ટે વિશ્વ આદિવાસી દિવસની ભવ્ય અને ઐતિહાસિક ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ મોટી સંખ્યામાં આદિવાસી સમાજના લોકોની ઉપસ્થિતિ વચ્ચે સાંસ્કૃતિક કાર્યક્રમો, ભવ્ય રેલી અને લોકસંસ્કૃતિના દર્શન થવાના છે.

આયોજનના ભાગરૂપે ગુજરાતના જાણીતા લોકગાયક અર્જુન આર. મેડા અને આર્ચી બામણીયા પોતાની સંગીતમય રજૂઆતથી ઉપસ્થિત જનમેદનીને ઝૂમાવશે. ''આદિવાસી સુપરસ્ટાર સિંગર'' તરીકે જાણીતા બંને કલાકારો પ્રથમ વખત ભીલ રાજા ઝાલા વસૈયાની ઐતિહાસિક ધરતી ઝાલોદમાં એક જ મંચ પર રજૂઆત કરશે, જેને લઈને યુવાનો અને સમાજમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે ભીલ રાજા ઝાલા વસૈયા ચોકથી ઝાલોદ નગરમાં ભવ્યાતિભવ્ય રેલી પણ નીકળશે. પરંપરાગત વેશભૂષા, ઢોલ-નગારા સાથે મોટી સંખ્યામાં સમાજજનોની ઉપસ્થિતિ સાથે સમગ્ર નગર આદિવાસી સંસ્કૃતિના રંગે રંગાઈ જશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

કાર્યક્રમના સુચારૂ આયોજન અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે ઝાલોદ પોલીસ સ્ટેશન ખાતે ઉઢ્ઢ્ડ ડી.આર. પટેલ અને PI રવિ ગામીતની અધ્યક્ષતામાં આયોજકો, સમાજના આગેવાનો અને પોલીસ અધિકારીઓ વચ્ચે મહત્વપૂર્ણ સંકલન બેઠક યોજાઈ હતી. બેઠકમાં કાર્યક્રમને શાંતિપૂર્ણ, વ્યવસ્થિત અને સફળ બનાવવા માટે પરસ્પર સહકાર તથા બાંહેધરી આપવામાં આવી હતી.

પોલીસ તંત્ર દ્વારા સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી કે કાર્યક્રમ દરમિયાન કોઈપણ વ્યકિત નશાની હાલતમાં અથવા તીક્ષણ કે ઘાતક હથિયાર સાથે જોવા મળશે તો તેની સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે. આવા કિસ્સામાં જવાબદારી આયોજકોની નહીં પરંતુ સંબંધિત વ્યકિતની પોતાની રહેશે.

આયોજકોએ સમાજના તમામ લોકો, ખાસ કરીને યુવાનોને શાંતિ, શિસ્ત, એકતા અને જવાબદારીનું પાલન કરીને વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીમાં જોડાવા અપીલ કરી છે. સમગ્ર કાર્યક્રમને લઈને ઝાલોદ શહેરમાં અત્યારથી જ ઉત્સવ જેવો માહોલ સર્જાયો છે અને આ વર્ષની ઉજવણી યાદગાર બની રહે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# મલવાસી ગામે રોડના વિવાદે હિંસક સ્વરૂપ ધારણ કર્યું

**- લોખંડની કોશથી હુમલો કરી વૃદ્ધ ખેડૂતને ઈજા, દંપતી સામે જાનથી મારી નાખવાની ધમકીનો ગુનો નોંધાયો.**

લીમખેડા,

ગોવિંદ ગુરૂ લીમડી તાલુકાના મલવાસી ગામે સરકારી આર.સી.સી. રોડના મુદ્દે થયેલો વિવાદ હિંસક બનતા એક વૃદ્ધ ખેડૂત પર લોખંડની કોશ વડે હુમલો કરવામાં આવ્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે. હુમલામાં ગંભીર ઈજા પહોંચતા ઈજાગ્રસ્તને પ્રથમ પેથાપુર સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે લીમડીની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, મલવાસી ગામના ડામોર ફળિયામાં રહેતા મલસીંગભાઈ કટારા પોતાના કામકાજ પૂર્ણ કરીને ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન તેમના કુટુંબી ભાવસીંગભાઈ બીજીયાભાઈ કટારાએ તેમના ઘરની આગળથી પસાર થતા આર.સી.સી. રોડ અંગે ઉગ્ર બોલાચાલી શરૂ કરી હતી. મલસીંગભાઈએ રોડ સરકારની ગ્રાન્ટ માંથી બન્યો હોવાનું જણાવતા ભાવસીંગભાઈ ઉશ્કેરાઈ ગયા હતા.

ફરિયાદ મુજબ, ભાવસીંગભાઈએ હાથમાં રહેલી લોખંડની કોશ વડે મલસીંગભાઈના માથા તેમજ શરીરના અન્ય ભાગોમાં હુમલો કર્યો હતો. હુમલાના કારણે તેઓ જમીન પર ઢળી પડ્યા હતા. ઘટના સમયે ખેતરમાં કામ કરી રહેલી તેમની પત્ની કમલીબેન દોડી આવી હતી અને બૂમાબૂમ કરતાં આરોપીની પત્ની નભુબેન પણ ત્યાં પહોંચી હતી. આક્ષેપ મુજબ, નભુબેને પણ ગાળો બોલી બંનેએ મળીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ બંને આરોપીઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા.

ઘટનાની જાણ થતાં પરિવારજનોએ ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવી ઈજાગ્રસ્તને પેથાપુર સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અપાવી હતી. ત્યારબાદ વધુ સારવાર માટે લીમડી સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં હાલ તેમની સારવાર ચાલુ હોવાનું જાણવા મળે છે. ઈજાગ્રસ્તની સારવારમાં વ્યસ્ત હોવાના કારણે તાત્કાલિક ફરિયાદ નોંધાવી શકાઈ ન હતી. બાદમાં કમલીબેન કટારાએ પોતાના પુત્ર અને પરિવારજનો સાથે પોલીસ મથકે હાજર રહી સમગ્ર બનાવ અંગે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે ફરિયાદના આધારે ભાવસીંગભાઈ બીજીયાભાઈ કટારા અને નભુબેન વિરૂદ્ધ મારામારી, ગાળાગાળી, જાનથી મારી નાખવાની ધમકી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# શ્રીઝૂલેલાલ મંદિર ઝાલોદ ખાતે પૂજ્ય ચાલિયા સાહેબના ૧૧મા વર્ષની ભવ્ય ઉજવણીનો પ્રારંભ



ઝાલોદ,

ઝાલોદ શહેરના મીઠાચોક સ્થિત શેઠાણી ફળિયામાં આવેલા પવિત્ર શ્રી ઝૂલેલાલ મંદિર ખાતે સિંધી સમાજના આરાધ્ય દેવ. ભગવાન શ્રી ઝૂલેલાલના પવિત્ર ચાલિયા સાહેબ ઉત્સવના ૧૧મા વર્ષની ભવ્ય ઉજવણીનો મંગળવાર, તા. ૪ ઓગસ્ટ ૨૦૨૬થી શુભ પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પાવન અવસરે મંદિરમાં પરંપરાગત વિધિ-વિધાન સાથે અખંડ જ્યોત પ્રગટાવી ૪૦ દિવસીય ચાલિયા વ્રતનો પ્રારંભ કરાયો હતો.

મંદિર પ્રાંગણમાં ભગવાન શ્રીઝૂલેલાલના જયઘોષ સાથે સમગ્ર વાતાવરણ ભકિતમય બની ગયું હતું. મોટી સંખ્યામાં ઉપસ્થિત ભકતોએ પૂજા-અર્ચના કરી ધર્મલાભ મેળવ્યો હતો.

સિંધી સમાજ વર્ષોથી ચાલિયા સાહેબ ઉત્સવની ઉજવણી કરતો આવ્યો છે. જોકે, ઝાલોદ ખાતે મંદિરની સ્થાપના બાદ છેલ્લા દસ વર્ષથી આ પવિત્ર ઉત્સવ મંદિર પરિસરમાં ઉજવાઈ રહ્યો છે અને આ વર્ષે તેની ૧૧મી ભવ્ય ઉજવણી થઈ રહી છે.ચાલિયા સાહેબનું ૪૦ દિવસીય વ્રત ભગવાન શ્રી ઝૂલેલાલ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા તેમજ તેમની કૃપા પ્રાપ્ત કરવા માટે રાખવામાં આવે છે. વ્રતધારીઓ આ સમગ્ર સમયગાળા દરમિયાન કઠોર ધાર્મિક નિયમોનું પાલન કરી ઉપવાસ, ભજન, પૂજન અને સેવાકીય પ્રવૃત્તિઓમાં જોડાય છે.

ભગવાન શ્રી ઝૂલેલાલને વરૂણ દેવ (જળના દેવ) તરીકે પૂજવામાં આવે છે. તેથી ભકતો ભૈરાણા સાહેબની પૂજા કર્યા બાદ જળાશયો પર જઈ જળપૂજન પણ કરે છે, જે ચાલિયા વ્રતની વિશિષ્ટ પરંપરા માનવામાં આવે છે. ચાલિયા મહોત્સવ દરમિયાન ઝાલોદ અમરલાલ ગ્રુપ દ્વારા સમગ્ર શહેરમાં ''હર ઘર ભગવાન ઝૂલેલાલ હર ઘર કીર્તન'' અભિયાન અંતર્ગત દરરોજ વિવિધ વિસ્તારોમાં ઘરે-ઘરે જઈ ભજન-કીર્તન કરવામાં આવે છે. દરરોજ રાત્રે ૯:૩૦થી ૧૧:૦૦ વાગ્યા સુધી ભગવાન ઝૂલેલાલની આરાધના, ભજન-સંધ્યા અને કીર્તનનું આયોજન કરવામાં આવે છે.

દરરોજ સાંજે ઝૂલેલાલ મંદિરમાં આરતી બાદ આખો, પલ્લવ, ભોગ અને ધુણી જેવી ધાર્મિક વિધિઓ સંપન્ન કરવામાં આવે છે, જેમાં સિંધી સમાજના શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં જોડાઈ ધર્મલાભ મેળવે છે.ચાલિયા સાહેબ મહોત્સવની પૂર્ણાહુતિ શનિવાર, તા. ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ભવ્ય ધાર્મિક કાર્યક્રમો, ભગવાન ઝૂલેલાલના કીર્તન, ભજન-સંધ્યા અને વિશેષ પૂજન સાથે ઉજવવામાં આવશે.સમગ્ર ચાલિયા મહોત્સવ દરમિયાન ઝાલોદનો સિંધી સમાજ શ્રદ્ધા, ભકિત અને એકતાના ભાવ સાથે ભગવાન ઝૂલેલાલની આરાધનામાં લીન રહી ધાર્મિક પરંપરાને જીવંત રાખી રહ્યો છે.

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**
કેસ.નં.૮૦૮/૨૦૨૬ તા.૦૬/૦૮/૨૦૨૬
અરજદારઃ વહોનિયા મિથુનભાઈ ગિંદુભાઈ રહે. આગાવાડા, તા.જિ.દાહોદ
વિરુધ્ધ
સામાવાળાઃતલાટી કમ મંત્રીશ્રી, આગાવાડા, તા.જિ.દાહોદ
જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી વહોનિયા મિથુનભાઈ ગિંદુભાઈ ના પુત્રી નામે વહોનિયા રાજલબેન મિથુનભાઈનો જન્મ તા.૨૬/૧૨/૨૦૧૮ ના રોજ આગાવાડા, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારનો જન્મ થયેલ ત્યારે અરજદાર પુત્રીના જન્મ દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, આગાવાડા, તા.જિ.દાહોદ ના જન્મ-મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રીના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી, આગાવાડા, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ ૦૬ માંહે :ઓગર્સ્ટ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
-સહી-
કોર્ટનો સિક્કો
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**
કેસ.નં.૮૬૬/૨૦૨૬ તા.૦૬/૦૮/૨૦૨૬
અરજદાર ડામોર કૈલાશભાઈ કસનાભાઈ રહે. ખેંગ, તા.જિ.દાહોદ
વિરુધ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, ખેંગ, તા.જિ.દાહોદ
જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ડામોર કૈલાશભાઈ કસનાભાઈના પુત્ર નામે ડામોર પ્રેમભાઈ કૈલાશભાઈનો જન્મ તા.૧૨/૧૦/૨૦૨૦ ના રોજ ખેંગ, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારનો જન્મ થયેલ ત્યારે અરજદાર પુત્રના જન્મ દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,ખેંગ, તા.જિ.દાહોદ ના જન્મ-મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,ખેંગ, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ ૦૬ માંહે :ઓગર્સ્ટ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
-સહી-
કોર્ટનો સિક્કો
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**
કેસ.નં.૬૨૪/૨૦૨૬ તા.૦૬/૦૮/૨૦૨૬
અરજદારઃ મેડા સુરેશભાઈ હળીયાભાઈ રહે. ઈટાવા, તા.જિ.દાહોદ
વિરુધ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, ઈટાવા, તા.જિ.દાહોદ
જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી મેડા સુરેશભાઈ હળીયાભાઈના પુત્રો/પુત્રીઓના નામે (૧) અલ્કેશભાઈ સુરેશભાઈ મેડા તા.૦૧/૦૨/૨૦૦૩ (૨) અર્જુનભાઈ સુરેશભાઈ મેડા જન્મ તા.૦૬/૦૫/૨૦૦૫ (૩) રિન્કુબેન સુરેશભાઈ મેડા જન્મ તા.૨૦/૦૫/૨૦૧૧ (૪) પુજાબેન સુરેશભાઈ મેડા જન્મ તા.૨૨/૦૩/૨૦૧૩ (૫) બાદલભાઈ સુરેશભાઈ મેડા જન્મ તા.૨૨/૦૪/૨૦૧૪ (૬) શિવાનીબેન સુરેશભાઈ મેડા જન્મ તા.૧૬/૦૨/૨૦૧૫ (૭) શિવમભાઈ સુરેશભાઈ મેડા જન્મ તા.૦૧/૦૨/૨૦૧૬ ના રોજ ઈટાવા, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારનો જન્મ થયેલ ત્યારે અરજદાર પુત્રીઓ/પુત્રના જન્મ દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,ઈટાવા, તા.જિ.દાહોદ ના જન્મ-મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રીઓ/પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,ઈટાવા, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ૦૬ માંહે :ઓગસ્ટ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
-સહી-
કોર્ટનો સિક્કો
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**
કેસ.નં.૮૨૭/૨૦૨૬ તા.૦૬/૦૮/૨૦૨૬
અરજદાર તડવી કમુભાઈ દેવલાભાઈ રહે, ખરોડ, તા જિ.દાહોદ
વિરુધ્ધ
સામાવાળા તલાટી કમ મંત્રીશ્રી, ખરોડ, તા.જિ.દાહોદ
જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી તડવી કમુભાઈ દેવલાભાઈના પુત્રીઓ/પુત્ર નામે (૧) તડવી ટીંકલબેન કમુભાઈ જન્મ તા.૧૦/૦૨/૨૦૧૮ (૨) તડવી જયદીપભાઈ કમુભાઈ જન્મ તા.૧૫/૦૩/૨૦૧૯ (૩) તડવી મહિમાબેન કમુભાઈ જન્મ તા.૦૧/૦૨/૨૦૨૦ ના રોજ ખરોડ, તા.જિ.દાહોદમુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારનો જન્મ થયેલ ત્યારે અરજદાર પુત્રીઓ/પુત્રના જન્મ દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,ખરોડ,, તા.જિ.દાહોદ ના જન્મ-મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રીઓ/પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,ખરોડ, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ ૦૬ માંહે :ઓગસ્ટ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
-સહી-
કોર્ટનો સિક્કો
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 29, No.295

